માનસિક બિમારીમાંથી સારવાર લીધા બાદ સાજા થયેલા સ્ત્રીઓ/પુરુષો માટેના પુન:સ્થાપન ગૃહોમાંની હંગામી જગાઓની મુદ્દત વધારવા બાબત.

ગુજરાત સરકાર
સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ,
ઠરાવ ક્રમાંક-અપગ/૧૦૨૦૧૯/૨૫૭૫૧૦/છ.૧
સચિવાલય, ગાંધીનગર
તા. /૦૧/૨૦૨૪

વંચાણે લીધા-

(૧) સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગનો સરખા ક્રમાંકનો તા.૧૦/૧૦/૨૦૧૯નો ઠરાવ.
(૨) સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગનો સરખા ક્રમાંકનો તા.૨૪/૦૧/૨૦૨૨નો ઠરાવ.
(૩) સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગનો સરખા ક્રમાંકનો તા.૨૮/૦૨/૨૦૨૩નો ઠરાવ.
(૪) નિયામકશ્રી, સમાજ સુરક્ષા ખાતા, ગાંધીનગરનો તા.૨૮/૧૨/૨૦૨૩નો પત્ર ક્રમાંક: DSD/ETV/e-file/226/2023/2481/Administrative Branch.

આમુખ-

વંચાણે લીધેલ ક્રમાંક (૧) પરના વિભાગના તા.૧૦/૧૦/૨૦૧૯ના ઠરાવથી માનસિક બિમારીમાંથી સારવાર લીધા બાદ સાજા થયેલા સ્ત્રીઓ/પુરુષો માટે રાજ્યમાં અમદાવાદ, ગાંધીનગર (ડભોડા-માત્ર મહિલાઓ માટે), રાજકોટ, ભુજ, સુરત, જામનગર અને વડોદરા ખાતે સરકારી ધોરણે પુન:સ્થાપન ગૃહ શરૂ કરવા અંગેની વર્ષ ૨૦૧૯-૨૦નાં અંદાજપત્રમાં મંજૂર રહેલ નવી બાબતની કુલ ૩.૧૭૨.૯૨ લાખની જોગવાઇનો ખર્ચ કરવાની વહીવટી મંજૂરી આપવામાં આવેલ છે. જેમાં કુલ-૧૨૬ હંગામી જગ્યાઓ ઉભી કરાયેલ હતી. આ ૧૨૬ હંગામી જગ્યાઓને વંચાણે લીધેલ ક્રમાંક (૨) પરના વિભાગના તા.૨૪/૦૧/૨૦૨૨ના ઠરાવથી તા.૦૧/૦૩/૨૦૨૨ થી તા.૨૮/૦૨/૨૦૨૩ સુધી તથા વંચાણે લીધેલ ક્રમાંક (૩) પરના વિભાગના તા.૨૮/૦૨/૨૦૨૩ના ઠરાવથી તા.૦૧/૦૩/૨૦૨૩થી તા.૨૯/૦૨/૨૦૨૪ સુધી ચાલુ રાખવાની મંજૂરી આપવામાં આવેલ. ઉક્ત મુદત વધુ એક વર્ષ માટે તા.૨૯/૦૨/૨૦૨૫ સુધી વધારી આપવા બાબતની નિયામકશ્રી, સમાજ સુરક્ષા, ગાંધીનગરની વંચાણે લીધેલ ક્રમાંક (૪) પરના તા.૨૮/૧૨/૨૦૨૩ના પત્રથી કરવામાં આવેલ દરખાસ્ત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

ઠરાવ-

પુખ્ત વિચારણાને અંતે નિયામકશ્રી, સમાજ સુરક્ષા ખાતા, ગાંધીનગરના વંચાણે લીધેલા ક્રમાંક (૪) પરના પત્રથી કરવામાં આવેલ દરખાસ્તના અનુસંધાને અધિક્ષક (ચીફ ઓફિસર) ગૃહપતિ/ગૃહમાતા અને સિનિયર ક્લાર્કની જગ્યાઓનો સમાવેશ સુધારેલ ભરતી કેલેન્ડરમાં થતો હોવાથી સદરહું જગ્યાઓ એબેયન્સમાં મુકવાની કે રદ કરવાની થતી ન હોવાથી માનસિક બિમારીમાંથી સારવાર લીધા બાદ સાજા થયેલા સ્ત્રીઓ/પુરુષો માટે રાજ્યમાં અમદાવાદ, ગાંધીનગર (ડભોડા-માત્ર મહિલાઓ માટે), રાજકોટ, ભુજ, સુરત, જામનગર અને વડોદરા ખાતેની કુલ-૦૭ સંસ્થાઓની નીચેના કોષ્ટકની વિગતે સરકારી ધોરણે પુન:સ્થાપન ગૃહોની કુલ ૧૨૬ હંગામી જગ્યાઓને તા.૦૧/૦૩/૨૦૨૪ થી તા.૨૯/૦૨/૨૦૨૫ સુધી ચાલુ રાખવાની આથી મંજૂરી આપવામાં આવે છે.

સમાજ સુરક્ષા ખાતા હેઠળના માનસિક બિમારીમાંથી સારવાર લીધા બાદ સાજા થયેલા સ્ત્રીઓ/પુરૂષો માટે પુનઃસ્થાપન ગૃહો અમદાવાદ, ગાંધીનગર (ડભોડા-માત્ર મહિલાઓ માટે) રાજકોટ, ભુજ, સુરત, જામનગર, વડોદરા ની **હંગામી જગ્યાઓની વિગત દર્શાવતુ** કોષ્ટક.

| ક્રમ | હંગામી જગ્યાનો હોદ્દો | વર્ગ | મંજૂર | ભરાયેલ | ખાલી જગ્યા |
|---|---|---|---|---|---|

| | | | થયેલ જગ્યા | જગ્યા | એક વર્ષથી નીચેની | એક વર્ષથી ત્રણ વર્ષ સુધીની | ત્રણ વર્ષથી ઉપરની |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ |
| ૧ | અધિક્ષક/ઓફિસર ઇનચાર્જ | ૩ | ૭ | ૪ | ૧ | ૨ | - |
| ૨ | ગૃહમાતા/ગૃહપતિ | ૩ | ૧૪ | ૦ | - | ૧૨ | ૨ |
| ૩ | સીની.કલાર્ક/એકાઉન્ટન્ટ | ૩ | ૭ | ૨ | - | ૫ | - |
| ૪ | એટેન્ડન્ટ(આઉટસોર્સ) | ૪ | ૨૮ | ૨૮ | - | - | - |
| ૫ | રસોયા(આઉટસોર્સ) | ૪ | ૭ | ૭ | - | - | - |
| ૬ | મદદ.રસોયા(આઉટસોર્સ) | ૪ | ૭ | ૭ | - | - | - |
| ૭ | હાઉસ કીપર(આઉટસોર્સ) | ૪ | ૭ | ૭ | - | - | - |
| ૮ | ચોકીદાર(આઉટસોર્સ) | ૪ | ૧૪ | ૧૪ | - | - | - |
| ૯ | સ્વીપર(આઉટસોર્સ) | ૪ | ૧૪ | ૧૪ | - | - | - |
| ૧૦ | નર્સિંગ સ્ટાફ(કેરગીવર) | ૩ | ૭ | ૭ | - | - | - |
| ૧૧ | વીઝીટીંગ સાયકીયાટ્રીસ્ટ | - | ૭ | ૭ | - | - | - |
| ૧૨ | વીઝીટીંગ મેડીકલ ઓફિસર | - | ૭ | ૭ | - | - | - |
| કુલ | | | ૧૨૬ | ૧૦૪ | ૦૧ | ૧૯ | ૦૨ |

વંચાણે લીધેલ ક્રમાંક (૧) પરના સરખા ક્રમાંકના તા.૧૦/૧૦/૨૦૧૯ના ઠરાવની અન્ય શરતો/વિગતો યથાવત રહેશે.

આ મંજૂરી વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર નાણાં સલાહકારશ્રી (સા.ન્યા.)ની તા.૨૪/૦૧/૨૦૨૪ની તથા અધિક મુખ્ય સચિવશ્રી (સા.ન્યા.)ની તા.૨૪/૦૧/૨૦૨૪ની નોંધથી મળેલ મંજૂરી અન્વયે આપવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

eSign
Signed by: GAMETI PRAMESH MAGANBHAI
Organization Unit: Social Justice and Empowerment Department
Organization Name: GOVERNMENT OF GUJARAT
Date: 29-Jan-2024 (12:26 PM)

( પ્રમેશ ગામેતી )
સેક્શન અધિકારી,
સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ

પ્રતિ,

Øઅધિક મુખ્ય સચિવશ્રી (સા.ન્યા.)ના રહસ્ય સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.

Øનિયામકશ્રી, સમાજ સુરક્ષા ખાતુ, બ્લોક નં-૧૬, ડો. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
Øનાણા સલાહકારશ્રી (સા.ન્યા), સચિવાલય, ગાંધીનગર.
Øએકાઉન્ટ જનરલશ્રી, ગુજરાત, અમદાવાદ/રાજકોટ
Øસર્વે જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીશ્રીઓ ( મારફતે નિયામકશ્રી સમાજ સુરક્ષા ,બ્લોક નં-૧૬, ડો.જીવરાજ મહેતા ભવન , ગાંધીનગર)
Øછ શાખા, સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ,સચિવાલય, ગાંધીનગર.
Øસિસ્ટમ મેનેજરશ્રી, સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ, વિભાગની વેબસાઇટ પર મુકવા વિનંતી સહ.
Ø શાખા સિલેક્ટ ફાઇલ.